# GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY

(Gujarat Vepari Mahamandal)

Shri Ambica Mills-Gujarat Chamber Bldg., P.B.No.4045,

Ashram Road, Ahmedabad-380009

Fax No.: 079-26587992/Tele. No.: 079-26582301/2/3/4

Email: gcci@gujaratchamber.org Website: www.gujaratchamber.org


## Press Note

15803

**21st January, 2021**

On 21st January, 2021 Gujarat Chamber of Commerce & Industry and Rajkot Chamber of Commerce & Industry organized a special program of interaction with Hon'ble Chief Minister Shri Vijaybhai Rupani on Industry and Trade of Gujarat.

Shri VP Vaishnav, President, Rajkot Chamber of Commerce & Industry and Honorary Secretary (Regional), GCCI welcomed the participants in the program.

Shri Natubhai Patel, President, Gujarat Chamber of Commerce & Industry thanked Hon'ble Chief Minister for sparing his valuable time to meet & communicate. In his theme address , shri Natubhai Patel highlighted on some issues like to reducing the time of night curfew, to reserve suitable space for farmer / consumer market in the Draft TP.,scheme, to promote t Kutchh area as furniture hub, to develop Morbi as an industrial cluster, also to reduce the rate of performance deposit taken by State Public Sector Units (PSUs) to 3%, to extend the deadline for availing the benefit of SGST Concession till 25-7-2021, Exemption of up to 300 persons in social / marriage occasions in districts with low COVID positive cases, Abolish or refund stamp duty applicable on Government Emergency Credit Line (GECL) loans, amend Solar Policy 2020, allocating space for solid waste site, abolish professional tax in the state etc. He requested Shri Vijaybhai Rupani to give relief in such issues.

Hon'ble Chief Minister Shri Vijaybhai Rupani in his key note address stated that the government is always ready to meet the expectations of the Mahajans and mentioned that he would join the meeting every 4 months to revitalize Gujarat's trade and industry. He further stated that a separate meeting will be organized to discuss the issues of GPCB. Shri Vijaybhai Rupani counseled to abide by the rules of GST, rules of NGT etc. decided by the Central Government. He also gave brief information about the Solar Policy and the New Industrial Policy 2020 announced by the Government recently.

The function was attended by Office Bearers & Executive Committee members of Gujarat Chamber, Presidents & members of Regional Chambers.

Shri Nautambhai Barsia, Honorary Secretary, Rajkot Chamber of Commerce & Industry, concluded the program with a vote of thanks.

---

**To,**
**The Editor/ Chief Reporter/ Commercial Editor/ Bureau Chief/ News Editor with a request to kindly incorporate the above Press Note in your esteemed News Paper.**

**Yogendra Kumar Trivedi**
**Secretary General**

# GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY

(Gujarat Vepari Mahamandal)

Shri Ambica Mills-Gujarat Chamber Bldg., P.B.No.4045,

Ashram Road, Ahmedabad-380009

Fax No.: 079-26587992/Tele. No.: 079-26582301/2/3/4

Email: gccci@gujaratchamber.org Website: www.gujaratchamber.org


## Press Note

15803

તા . 21/01/2021

આજ રોજ ગુજરાત ચેમ્બર ઓફ કૉમેર્સ & ઈન્ડસ્ટ્રી(GCCI) અને રાજકોટ ચેમ્બરઓફ કૉમેર્સ & ઈન્ડસ્ટ્રી(RCCI) એ માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સાથે ગુજરાત ના વેપાર અને ઉધોગ સાથે સંવાદ ના કાર્યક્રમ નું આયોજન કર્યું હતું.

આ કાર્યક્રમ માં શ્રી વી .પી .વૈષ્ણવ, પ્રમુખ,રાજકોટ ચેમ્બર ઓફ કૉમેર્સ & ઈન્ડસ્ટ્રી અને માનદ મંત્રી (રીજીયોનલ ), GCCI એ પોતાના સ્વાગત પ્રવચન માં ગુજરાતના વેપાર ઉધોગો ને આત્મનિર્ભર બનવવા સરકાર દ્વવારા અપાયેલ રાહત માટે માનનીયમુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સરકાર નો આભાર માન્યો હતો.તેમને રાજકોટ ને લગતા પ્રશ્નો ની રજુઆત કરી હતી. વધુ માં તેમણે અમદાવાદ જેવો રિવરફ્રન્ટ રાજકોટ માં બનાવવા, ગુજરાત ચેમ્બર અને રીજીયોનલ ચેમ્બર ના સભ્યો ની સંકલન સમિતિ બનાવવા રજૂઆત કરી હતી .

ગુજરાત ચેમ્બર ઓફ કૉમેર્સ & ઈન્ડસ્ટ્રી ના પ્રમુખ શ્રી નટુભાઈ પટેલ એ શ્રી વિજયભાઈ રૂપાણી ને પોતાનો કિંમતી સમય આપી વાતચીત કરવા ઉપસ્તિથ રહેવા એ બદલ આભાર માન્યો હતો. શ્રી નટુભાઈ પટેલ એ પોતાના પ્રાસંગીક વ્યક્તવ્યમાં હોટેલ અને રેસ્ટોરન્ટ ઉધોગો ને રાત્રી કરફ્યુના સમયમાં ઘટાડો કરવા,ડ્રાફ્ટ ટી.પી. સ્કીમમાં ખેડૂત/ગ્રાહક બજાર માટે યોગ્ય જગ્યાનું રીઝર્વેશન રાખવા,સેન્ટ્રલ પોટેટો રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (CPRI) નું રિજિયોનલ સેન્ટર શરુ કરવું,કચ્છમાં ફર્નિચરઝોન બનાવવો ,મોરબી શહેરને ઔધોગિક ક્ષેત્રે રોલ મોડેલ બનાવવા ,કારખાનામાં અકસ્માત દરમ્યાન પોલીસ દ્વારા બિનજરૂરી કનડગત ન થાય,રાજ્યના જાહેર ક્ષેત્રના એકમો (PSU) દ્વારા લેવામાં આવતી પર્ફોર્મન્સ ડિપોઝિટના દર પણ ઘટાડી 3% કરવા,SGST કન્સેશનના લાભ લેવા માટે અગાઉની સમયમર્યાદા એટલે કે 25-7-2021 સુધી રાખવા,ઓછા કોવિડ પોઝિટિવ કેસ હોય તેવા જિલ્લાઓમાં સામાજિક/લગ્નપ્રસંગોમાં 200 વ્યક્તિ સુધીની છૂટ આપવી,Government Emergency Credit Line (GECL) ના લોન પર લાગુ પડતી સ્ટેમ્પ ડ્યુટી નાબૂદ કરવા અથવા રિફંડ કરવી,સોલાર પોલિસી 2020 માં ફેરફાર કરવા ,Solid waste site માટે જગ્યા ફાળવવા ,રાજ્યમાં પ્રોફેશનલ ટેક્સને નાબૂદ કરવો વગેરે જેવા મુદ્દાઓ ની રજૂઆત કરી એમાં રાહત આપવા શ્રી વિજયભાઈ રૂપાણી ને જણાવ્યું હતું.

માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વ્યક્તવ્ય માં જણાવ્યું હતું કે મહાજનો ની અપેક્ષા ને પહોંચી વળવા સરકાર હમેશા સજ્જ છે .તેમણે મહાજનો ના પ્રશ્નો નું ઝડપી નિરાકરણ આવે એ માટે દર 2 મહિને માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ ની અધ્યક્ષતા માં ચેમ્બર ના સભ્યો અને સરકાર ના વિવિધ અધિકારીઓ ની મિટિંગ રાખવાનું જણાવ્યું હતું અને ગુજરાત ના વેપાર ઉધોગો ને ફરી ધમધમતા કરવા દર 4 મહિને માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી આ મિટિંગ માં જોડાશે.ગુજરાત ના ઇન્ડસ્ટ્રીઅલ એસોસિએશનોએ ભારત ને 5 ટ્રીલીયન ડૉલર ઇકોનોમી પર લઇ જવા માટે સહભાગી બનવા અને મેડ ઈન ગુજરાત ને પ્રોત્સહન આપવા જણાવ્યું હતું. વધુ માં GPCB ના પ્રશ્નો ની ચર્ચા કરવા માટે તેમણે મિટિંગ કરવા જણાવ્યું હતું. શ્રી વિજયભાઈ રૂપાણીએ કેન્દ્ર સરકાર દ્વવારા નક્કી કરેલા GST ના નિયમો, NGT ના નિયમો વગેરે ના પાલન કરવા કહ્યું હતું .સરકાર દ્વારા જાહેર કરાયેલ સોલાર પોલિસી , નવી ઈન્ડસ્ટ્રીલ પોલિસી 2020 અંગે પણ માહિતી આપી હતી.

આ કાર્યક્રમ માં ગુજરાત ચેમ્બરના હોદ્દેદારો ,એકસેકયુટીવ કમિટીના સભ્યો ,રિજનલ ચેમ્બરો ના પ્રમુખો,હોદ્દેદારો, હાજર રહ્યા હતા.

અંત માં રાજકોટ ચેમ્બરઓફ કૉમેર્સ & ઈન્ડસ્ટ્રીના માનદ મંત્રી શ્રી નૌતમભાઇ બારસીયા એ આભારવિધિ કરીને કાર્યક્રમ પૂર્ણ કર્યો હતો .

---

**To,**

**The Editor/ Chief Reporter/ Commercial Editor/ Bureau Chief/ News Editor with a request to kindly incorporate the above Press Note in your esteemed News Paper.**

Yogendra Kumar Trivedi
**Secretary General**